

ભારત જેવા દેશોમાં વસંતોત્સવ ઉજવવામાં આવતો હોય છે અને પશ્ચિમી દેશોમાં ફેબ્રુઆરી મહિનામાં વેલેન્ટાઈન ડે ની ઉજવણીનો ક્રેઝ છે. આજ દિવસની ઉજવણી કરવા માટે યુવાધન હિલોળે ચડ્યું છે. ૧૪મી ફેબ્રુઆરીનો દિવસ એટલે સંત વેલેન્ટાઈનની યાદમાં પ્રેમનો એકરાર કરવાનો દિવસ. આ દિવસને આડે માંડ એક દિવસ બાકી રહ્યો હોવાથી યુવાનો અને યુવતીઓ પોતાના પ્રિય પાત્રોને આપવામાં આવનાર વેલેન્ટાઈન ગીફ્ટની ખરીદીમાં વ્યસ્ત બન્યા છે. ગીફ્ટ આર્ટિકલમાં વેલેન્ટાઈન ડેની ઉજવણી કરવામાં આવનારી ગિફ્ટની વિશાળ શ્રેણી ઉપલબ્ધ છે. જેમાં કપલ વોચ, કાર્ટઆર્ટ, ફોટોફ્રેમ, ટેડિબિયર, હાર્ટપીલો, કપલ મગ, બ્રેસલેટ, કપલ રીંગ, કુત્રિમ ગુલાબ વગેરે વેરાયટી બજારમાં હાલ ઉપલબ્ધ છે. જેને લેવા માટે બજારમાં ભારે ભીડ જોવા મળી રહી છે. (તસવીર : નિકેશ બારોટ)

# માર્ગોની હાલત સુધારવા તંત્રએ જવાબદાર એજન્સીને કામે લગાડી

## નવા સેકટરોમાં માર્ગ સુધારણામાં ગુણવત્તા ન જળવાઈ હોવાનો સૂર ઉઠવા પામ્યો હતો

ગાંધીનગર, તા.૧૩

શહેરના નવા સેકટરોમાં માર્ગ નવીનીકરણની કામગીરીમાં ગુણવત્તા ન જળવાઈ હોવાનો સૂર ઉઠયા બાદ તંત્ર દ્વારા આંતરિક માર્ગોની સુધારણાને લઈ જરુરી ઠેકાણે પેવરકામ હાથ ધરવામાં આવ્યું છે. જયારે આ માટે જવાબદાર એજન્સીને જ કામ સોંપવામાં આવ્યું છે.

શહેરના નવા સેકટરોમાં ચાર વર્ષ બાદ આંતરિક માર્ગોનું નવીનીકરણ હાથ ધરવામાં આવ્યું છે. સે-૧ થી ૫માં કરોડોના ખર્ચે માર્ગ-સુધારણાનું કામ હાથ ધરાયા બાદ સેકટરોના કેટલાક આંતરિક માર્ગો પર ડામરની કાંકરીઓ ઉખડી જતા માર્ગ નવીનીકરણની કામગીરીમાં ગુણવત્તા ન જળવાઈ હોવાનું ધ્યાને આવ્યું હતું. સેકટર-૩ના આંતરિક માર્ગો ઉપર ઠેર ઠેર આવી સ્થિતિ સર્જાતા સ્થાનિક રહીશોમાં આક્રોશ પ્રવર્ત્યો હતો. સેકટરોના આંતરિક માર્ગોની સુધારણાના કામમાં ભ્રષ્ટનીતિ અપનાવાઈ હોવાનો જનઆક્રોશ પ્રબળ બન્યો હતો. બીજી તરફ માર્ગ સુધારણાની કામગીરીમાં ગુણવત્તાનો અભાવ વર્તાતા તંત્ર દ્વારા સંબંધિત એજન્સીને માર્ગ પરથી ડામરની કાંકરીઓ ઉખડતી અટકાવવા ફરી કામ હાથ ધરવા સૂચના આપવામાં આવી હતી. જેના પરીણામે એજન્સી દ્વારા માર્ગને થતી નુકસાની અટકાવવા કામ શરુ કરી દેવાયું છે. જયારે આગામી ત્રણ વર્ષ માટે રસ્તાઓની જાળવણીનું કામ પણ એજન્સીને સોંપવામાં આવ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું છે.





## આ છે વાયબ્રન્ટ ગુજરાતની વાયબ્રન્ટ તસવીર...

સેકટર-૧૭ ખાતે આવેલ શોપીંગ સેન્ટરનું શૌચાલય અસહ્ય ગંદકીથી ખદબદે છે. આ શૌચાલયની સાફ-સફાઈ કરવામાં ઇન્કવાયરી કચેરીના કર્મચારીઓ નનૈયો ભણે છે. શોપીંગના વેપારીઓને શૌચાલયની આવી અવદશાથી અગવડતા પડે છે. વધુમાં અસમાજિક તત્ત્વો દ્વારા દારૂની ખાલી બોટલો આ શૌચાલયમાં ફૅંકી હોવાથી ગટર ઊભરાય છે. શોપિંગ સેન્ટરના શૌચાલયની સાફ-સફાઈ થાય તેમ વેપારીઓ ઇચ્છી રહ્યા છે. (તસવીર : દિપક જાની)

## જૂના સચિવાલયના નવનિર્મિત બ્લોકમાં ૬ વિભાગોની કચેરીઓ ધમધમતી થઈ

ગાંધીનગર, તા. ૧૩

જૂના સચિવાલયમાં નવનિર્મિત બ્લોક નં. ૧૯માં વિવિધ વિભાગોની કચેરીઓ કાર્યરત થઈ ગઈ છે. નવા બ્લોકમાં સરદાર સરોવર નિગમ, મહીલા બાળ વિકાસ - મધ્યાહન ભોજન સહિત જુદા જુદા ૬ વિભાગોને કચેરી ફાળવી દેવામાં આવી છે. બ્લોક નં. ૨૦નું કામ પણ પૂર્ણ થઈ જતા નવા બ્લોક માટે ટૂંકમાં લોકાર્પણ વિધિ યોજવામાં આવશે.

જૂના સચિવાલય સંકુલમાં નવા બે બ્લોક બનાવવાનું કામ પૂર્ણ થઈ ગયું છે. આ પૈકી નવનિર્મિત બ્લોક નં. ૧૯માં વિવિધ વિભાગોની કચેરીઓ પણ કાર્યરત કરી દેવાઈ છે. જેમાં નવનિર્મિત બ્લોકમાં સરદાર સરોવર નર્મદા નિગમ, માહિતી કમિશનર, મહીલા અને બાળ વિકાસ વિભાગ, મધ્યાહન ભોજન યોજના, સહાયક કમિશનર વનસ્પતિ ઔષધિય બોર્ડ તેમજ ગુજરાત સ્ટેટ કમિશન ફોર પ્રોટેક્શન ઓફ ચાઈલ્ડ રાઈટ સહિતના વિભાગોને નવી કચેરીનો કબજો સોંપી દેવાયો છે. આ પૈકી અમુક કચેરીઓનું નવા બ્લોકમાં સ્થળાંતર કરી દેવાયું છે. જૂના સચિવાલય સંકુલમાં ગત જાન્યુઆરી-૨૦૧૨ દરમિયાન બે નવા બ્લોક બનાવવાનું કામ શરૂ કરવામાં આવ્યું હતું. અંદાજિત રૂ. ૧૦ કરોડના ખર્ચે નવા બે બ્લોક તૈયાર કરી દેવાયા છે. બ્લોક ૨૦નું પણ કામ પૂર્ણ થઈ જતા નવા બ્લોકનું ટુંકમાં લોકાર્પણ કરવામાં આવશે. જ્યારે નવા બે બ્લોકમાં સ્થિત વિવિધ કચેરીઓને કોર્પોરેટ લૂક આપવા માટે ટૂંકમાં પર્નિચરનું કામ પણ હાથ ધરવામાં આવશે. મોડ્યુલર ફર્નિચર બનાવવા માટે રૂ. ૧ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે.

# સે. ૨૧ સદસ્ય નિવાસમાં સેફ્ટી ગ્રીલ ફીટ કરવામાં આવશે

## સેફ્ટી ગ્રીલ અને પેવર બ્લોકના કામ પાછળ ૧૫ લાખનો ખર્ચ થશે

ગાંધીનગર, તા. ૧૩

સે. ૨૧ સ્થિત સદસ્ય નિવાસમાં સલામતીને ધ્યાને લઈ જરૂરી ઠેકાણે સેફ્ટીગ્રીલ ફીટ કરવામાં આવશે. સેફ્ટીગ્રીલ તેમજ પેવરબ્લોકના કામગીરી પાછળ લાખોનો ખર્ચ થશે. તાંત્રિક મંજૂરી બાદ ટૂંકમાં કામ હાથ ધરાશે.

સે. ૨૧માં ધારાસભ્યોના રહેણાંક માટે નિર્માણ કરાયેલા સદસ્ય નિવાસમાં તંત્ર દ્વારા જરૂરી કામો હાથ ધરવામાં આવશે. એકબાજુ નવી ટર્મના ધારાસભ્યોને નિવાસ ફાળવવા માટે પણ બાકીની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે ત્યારે સદસ્ય નિવાસમાં સેફ્ટીગ્રીલ તેમજ પેવર બ્લોક સહિતનુ જરૂરી કામ હાથ ધરવા માટે તંત્ર કક્ષાએથી આયોજન કરી દેવાયું છે. સદસ્ય નિવાસમાં ગ્રીલ ઉપરાંત વિવિધ ઠેકાણે જરૂરી પેવર બ્લોકનું પણ કામ હાથ ધરાશે.

જ્યારે સદસ્ય નિવાસને નવા રૂપરંગ આપવા હાથ ધરાયેલ આ કામગીરી દરમિયાન જરૂરી કલરકામ પણ કરવામાં આવશે. આ કામગીરી પાછળ લાખોનો ખર્ચ થવાનો અંદાજ છે. આગામી તબક્કામાં તાંત્રિક મંજૂરી અપાયા બાદ આગળની કામગીરી હાથ ધરાશે. આગામી વિધાનસભા સત્રની કાર્યવાહી પણ નજીકમાં હોવાથી આ કામગીરી ટૂંકમાં જ શરૂ કરી દેવાશે. સેફ્ટીગ્રીલ અને પેવરબ્લોકના કામ પાછળ અંદાજિત ૧૫ લાખનો ખર્ચ થશે. સદસ્ય નિવાસમાં કિચનના વોશિયાર્ડનો ભાગ ખુલ્લો રહેતો હોવાથી સલામતીને ધ્યાને લઈ લોખંડની ગ્રીલ ફીટ કરવામાં આવશે.

## જલારામ મંદિરમાં આરતી-દર્શનના સમયમાં ફેરફાર

ગાંધીનગર, તા. ૧૩

શ્રી જલારામ સેવા સમાજ સેકટર-૨૯માં જલારામ મંદિરમાં આગામી તા.૧૫મી ફેબ્રુઆરીથી દર્શન, આરતીના સમયમાં ફેરફાર કરેલ છે.

દર્શનનો સમય સવારે ૬ વાગ્યાથી, આરતીનો સમય સવાર-સાંજ ૭ વાગે, શિવમંદિર રામેશ્વર મહાદેવનો આરતી સમય

સવાર-સાંજ ૬-૪૫ કલાકે

મંદિર બંધ રહેવાનો સમય ૯ કલાકે, જલારામ સેવા સમાજમાં મંત્રીએ જણાવેલ છે.

## વણકર સમાજના સમુહ લગ્નનું આયોજન

ગાંધીનગર, તા. ૧૩

વણકર સેવા સમાજ કલોલમાં તા.૧૨મી મેના રોજ ૧૫મા સમુહ લગ્નનું આયોજન વણકર સેવા ભવન આરસોડીયા રોડ પાણીની ટાંકીની પાછળ કલોકમાં યોજાશે. કિશોરભાઈ પરમાર, પ્લોટ નં. ૧૨૬૭/૨, સેકટર-૪સી નો સંપર્ક કરવા જણાવેલ છે.

## સેકટર-૪ વણકર સમાજનો સ્નેહમિલન સમારોહ યોજાયો

ગાંધીનગર, તા. ૧૩

સેકટર-૪ ગાંધીનગર વણકર સમાજનો છઠ્ઠો વાર્ષિક સ્નેહમિલન સમારોહ યોજવામાં આવ્યો હતો. મ્યુનિસિપલ કોર્પોરેટર શ્રીમતી રમીલાબેન પરમાર, આશીષભાઈ દવે ઉપસ્થિત રહ્યા હતા.

રાજુભાઈ પટેલ તરફથી વિદ્યાર્થીઓને ઇનામ આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે સે-૪ સખી મંડળ વણકર સમાજની રચના કરવામાં આવી હતી. જેના પ્રમુખ શ્રીમતી મંજુલાબેન સોલંકીની વરણી કરવામાં આવી હતી. બી.પી/ડાયાબિટીસ રોગનિદાન કેમ્પ યોજાયો હતો.

સ્વાગત પ્રવચન સમાજના પ્રમુખ કિશોરભાઈ પરમારે કરેલ હતું. ખજાનચી દિનેશભાઈ પરમારે આભાર વિધિ કરી હતી. શીરીષભાઈ મકવાણાએ સંચાલન કરેલ હતું. યશવંતભાઈ પરમાર, બાબુભાઈ લેઉવા, લક્ષ્મણભાઈ રાઠોડએ કાર્યક્રમ યોજવા માટે સહયોગ આપ્યો હતો.

### ૧૫ ફેબ્રુઆરીથી ભાડામાં વધારો અમલી

# રીક્ષાના લઘુત્તમ ભાડામાં એક રૂપિયાનો સરકારે વધારો કર્યો

## સતત વધતી મોંઘવારીને ધ્યાનમાં લઈ રીક્ષા ચાલકો પર આર્થિક બોજ ઘટાડવાના હેતુસર નિર્ણય : માંગ સ્વીકારાઈ

ગાંધીનગર, તા.૧૩

રાજ્ય સરકારે વધતી મોંઘવારી, ઈંધણનો ભાવ વધારો અને રીક્ષાની પડતર કિંમતમાં વધારાને કારણે રીક્ષાચાલકો ઉપર જે આર્થિક બોજો પડે છે તેને ધ્યાને લઈ, રીક્ષા ચાલકોના હિતમાં રીક્ષાના લઘુત્તમ ભાડામાં એક રૂપિયાનો વધારો કરવાનો નિર્ણય લીધો હોવાનું રાજ્યના વાહન વ્યવહાર મંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું છે. નીતિન પટેલના જણાવ્યા પ્રમાણે રાજ્ય સરકારે રીક્ષાના લઘુત્તમ ભાડામાં આગામી તા.૧૫ ફેબ્રુઆરીથી રૂા.૧નો વધારો જાહેર કર્યો છે. જેના કારણે મીનીમમ રીક્ષાભાડું હાલ જે રૂા.૧૨ છે તે વધીને રૂા.૧૩ થશે, મંત્રીએ જણાવ્યું હતું કે, ગુજરાત સરકારે વર્ષ ૨૦૧૦માં રીક્ષાનું ભાડું નક્કી કરવા માટે તજજ્ઞની કમિટી બનાવી છે.

કમિટીની ભલામણ પ્રમાણે ઈંધણમાં ભાવવધારો, રીક્ષાની કિંમતમાં વધારો તેમજ સ્પેરપાર્ટ્સની કિંમતમાં વધારાને ધ્યાને લઈ આ વધારો કરાયો છે. આ ભાડા વધારાથી રીક્ષા ચાલકો પોતાની રોજી-રોટી કમાઈ શકશે એટલું જ નહીં, રીક્ષા ચાલકોના યુનિયનની ભાવવધારાની માંગણી પણ સંતોષાશે તેમ પણ તેમણે જણાવ્યું હતું. રીક્ષાના લઘુત્તમ ભાડામાં જ રૂા.૧નો વધારો કરાતા તે રૂા.૧૨ને બદલે રૂા.૧૩ થશે. જ્યારે ચાલુ ભાડામાં કોઈ જ વધારો કરાયો ન હોવાનું પણ મંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું છે.



ગ્રામસેવા મહાવિદ્યાલય ગ્રામભારતી, અમરાપુરમાં ચાલતા સ્નાતક કક્ષાના અભ્યાસક્રમ ગ્રામવિદ્યા વિશારદ (બી.આર.એસ)ના વિદ્યાર્થીઓએ આજરોજ પોતાના અભ્યાસ સંલગ્ન જિલ્લાની વિવિધ કચેરીઓની કામગરી અને કચેરીની વિવિધ યોજનાઓ અંગેની માહિતી મેળવી હતી. જે અંતર્ગત જિલ્લામાં રાજય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ અને વિકાસના કાર્યોની -ચાર--સિધ્ધી કરતી તથા -જા અને સરકાર વચ્ચે સેતુંરૂપ ભૂમિકા અદા કરતી જિલ્લા માહિતી કચેરી, ગાંધીનગરની કામગીરીની વિસ્તૃત જાણકારી કચેરીના સબ એડીટર શ્રી પરિમલ પટેલે આપી હતી. તેમના ગ્રામ સેવકના નોકરી કાળ દરમ્યાન માહિતી ખાતું કેવી રીતે ઉપયોગી થઈ શકે છે, તેની દષ્ટાંત રૂપ માહિતી આપી હતી.તેમજ માહિતી કમિશનરશ્રીની કચેરીના જુદા જુદા વિભાગની કામગીરીની માહિતી આપી તેના વિવિધ -કાશનોથી પણ બી.આર.એસના વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા.

## ભરૂચ-નર્મદા જિલ્લા મિત્ર મંડળનો સ્નેહમિલન સમારોહ ટાઉનહોલ ખાતે યોજાયો

ગાંધીનગર, તા. ૧૩

શહેરના ટાઉનહોલ ખાતે તાજેતરમાં ભરૂચ-નર્મદા જિલ્લા મિત્ર મંડળનો સ્નેહમિલન સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે વિવિધ સ્પર્ધાઓ યોજાઈ હતી. જેમાં મોટી સંખ્યામાં લોકોએ ભાગ લીધો હતો.

ભરૂચ-નર્મદા જિલ્લા મિત્રમંડળનો સ્નેહમિલન કાર્યક્રમ ૧૦ ફેબ્રુઆરીના રોજ ટાઉનહોલ ખાતે યોજાયો હતો. જેમાં ગીત-સંગીત, વેશભૂષા, મહેંદી અને આરતી સુશોભનની હરીફાઈ યોજાઈ હતી. જેમાં આરતી સુશોભન હરિફાઈમાં ગ્રુપ-એ માં કુ. સારા ચોકવાલા બિન હરીફ તથા ગ્રુપ બી માં મીનાબેન બી. શાહ પ્રથમ ક્રમે, હેમા વિપુલભાઈ શાહ દ્વિતીય ક્રમે અને શોભનાબા આટોદરીયા તૃતિય ક્રમે વિજેતા બન્યા હતા. તેવી જ રીતે વેશભૂષામાં એ ગ્રુપમાં જયવલસિંહ અટોદરીયા બિનહરીફ અને ગ્રુપ બી માં ઓવેરા ચોકવાલા પ્રથમ ક્રમ અને હેલાંશ અનમૌલાએ દ્વિતીય ક્રમ મેળવ્યો હતો. બહેનોની મહેંદી હરીફાઈમાં ગ્રુપ એ માં કુ. સારા ચોકવાલા અને ગ્રુપ બી માં શોભનાબા આટોદરીયા પ્રથમ ક્રમે, ફોરમબેન પરીખ દ્વીતીય ક્રમે વિજેતા જાહેર થયા હતા.

ઉપર્યુક્ત હરિફાઈમાં જજ તરીકે ઈન્દુબેન નિમાવત અને માધવીબેન ઠાકર ઉપસ્થિત રહ્યા હતા. વિવિધ સ્પર્ધામાં વિજેતાઓને રોકડ પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. વધુમાં આ પ્રસંગે બંસીલાલ શાહ અને તેમના ગાયક વૃંદ દ્વારા ગીત-સંગીત અને ભજનોનો કાર્યક્રમ પણ યોજાયો હતો. જેમાં હાજર શ્રોતાજનો ગીત સંગીતની ધૂનમાં રસ તરબોળ થયા હતા.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૮

સૂર્યાસ્ત : ૬.૨૭

## તાપમાન

મહત્તમ : ૩૩.૪ ડિ.સે.

લઘુત્તમ : ૧૯.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૬ ટકા ● સાંજે ૨૯ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

એબીસીડીઃ એની બોડી કેન ડાન્સ (૩ડી) : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૨ :

એબીસીડીઃ એની બોડી કેન ડાન્સ (૨ડી) : ૯.૧૫, ૧૨.૧૫, ૯.૧૫

રેસ- ૨ : ૩.૧૫

વિશ્વરૂપમ : ૬.૧૫

: સ્ક્રીન-૩ :

સ્પેશયલ-૨૬ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૪ :

સ્પેશ્યલ -૨૬ : ૯.૦૦, ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦

### સૂર્યા, વાવોલ

સ્પેશ્યલ-૨૬ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

આખા જગથી નિરાલી મારી સાજના : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

સ્પેશ્યલ-૨૬ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

સ્પેશ્યલ -૨૬ : ૧૧.૧૫, ૨.૧૫

એબીસીડીઃ એની બોડી કેન ડાન્સ : ૫.૦૦, ૭.૩૦

વિશ્વરૂપઃ ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :

એબીસીડીઃ એની બોડી કેન ડાન્સ : ૧૦.૪૫, ૧૦.૦૦

વિશ્વરૂપમ : ૧.૧૫, ૪.૧૫, ૭.૦૦

### ચિરાગ, કલોલ

સ્પેશ્યલ-૨૬ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : પૈતૃક આર્થિક સ્થિતિમાં લાભનો યોગ. નવી આયોજનો માટે રોકાણ કરતાં પહેલાં યોગ્ય તપાસ કરવી હિતાવહ રહેશે. આર્થિક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થવાની સંભાવના છે. ધાર્મિકક્ષેત્રે યાત્રા પ્રવાસનું આયોજન થઈ શકે છે.

**વૃષભ** : આર્થિક કારણોથી, સામાજિક કાર્યોથી અવરોધની સંભાવના. જળ ક્ષેત્રોની વિશેષ યાત્રાઓનું આયોજન થઈ શકે છે. સાહિત્યકારો, કવિ વર્ગ અને કલાકારો માટે ભાગ્ય વૃદ્ધિનો સમય રહેશે. આરોગ્યલક્ષી આહાર લેવો.

**મિથુન** : સંતોષપ્રદ વાતાવરણ રહેશે. આપના કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યા છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્ય થઈ શકશે. લગ્નવાંચ્છુકોને પોતાની જીવનસાથીની પસંદગી થઈ શકે છે.

**કર્ક** : કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગ, સન્માન અને ઉપલબ્ધિ પ્રાપ્તિનો યોગ. આર્થિકક્ષેત્રમાં નવા રોજગારી- વ્યાપાર સંબંધી કાર્યો થઈ શકશે. વિવાદિત આર્થિક પ્રકરણોને સંયમપૂર્વક ઉકેલવાથી યોગ્ય નિકાલ આવી શકશે.

**સિંહ** : અપરણિતો માટે લગ્નસંબંધી પ્રસ્તાવ, લંબિત પ્રકરણોમાં સફળતા પ્રાપ્તિનો યોગ બની રહ્યો છે. કુટુંબમાં શુભ મંગળ કાર્ય થશે. વ્યવસાયિક ભાગીદારી માટે ઉત્તમ સમય રહેશે. કલાત્મક કાર્યનો પ્રારંભ થશે.

**કન્યા** : આપને ઉપયોગી બની રહે એવા નવા સંબંધો બનશે. માનસિક શાંતિ જાળવી રાખવી. સત્સંગમાં ભાગ લેવાનું થઈ શકે છે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે. વ્યાપાર મધ્યમ રહશે. ધાર્મિક કાર્યમાં સમય પસાર થશે.

**તુલા** : કાયદાની બાબતોમાં વિવાદોનો ઉકેલ થશે. પસંદગીદાર સ્થળ ઉપર તમે પ્રવાસ ખેડી શકશો. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા- સંબંધીઓથી મુલાકાત થઈ શકશે. દામ્પત્ય સુખમાં કમી ન આવે તેની તકેદારી રાખવી.

**વૃશ્ચિક** : સંબંધીઓથી મતભેદ થવાની શકયતા છે. કર્મક્ષેત્ર સંબંધી સમસ્યાઓના નિરાકરણ હેતુ પ્રવાસ અને ભાગદોડ થવાની સંભાવના છે. વિવાદિત કાર્યોમાં સંયમ રાખી કામ કરવું. આરોગ્ય પ્રતિ સતર્ક રહેવું.

**ધન** : મનમાં ઉત્સાહપૂર્ણ વિચારોને કારણે સમય સુખદ પસાર થશે. આધ્યાત્મ સંબંધી કાર્યોમાં વિશેષ લાભ પ્રાપ્તિ થવાનો યોગ બની રહ્યો છે. ભાગ્યવર્ધક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. કલાત્મક શિક્ષાનાં કાર્યોમાં રૂચિ વધશે.

**મકર** : ભૌતિક સુખ પ્રાપ્ત થવાનો યોગ છે. સામાજિક ક્ષેત્રોમાં માન-સમ્માન અને પ્રતિષ્ઠામાં વધારો થઈ શકશે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક ઉચ્ચ પરિણામ પ્રાપ્ત થશે.

**કુંભ** : કૌટુંબિક જીવનમાં તનાવ વધે નહીં તેની તકેદારી રાખવી. આપમાં પ્રબળ આત્મવિશ્વાસથી મુશ્કેલ કાર્ય પણ સહેલાઈથી પાર પાડી શકો છો. નવા સંબંધો બંધાશે.

**મીન** : મહત્વકાંક્ષાઓ પ્રગતિ માટે પ્રેરિત કરશે. મંગળ કાર્યોનું આયોજન કરી શકશો. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થઈ શકે છે. આર્થિક કાર્યોમાં વિશેષ ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાનો યોગ બની રહ્યો છે.

## ચિરવિદાય

- સ્વ. નર્મદાબેન નટવરલાલ ગજ્જર (ઉ.વ. ૭૫)પ્લોટ નં. ૨૬૪/૨, કિસાનનગર, સેકટર-૨૬, ગાંધીનગર.
- સ્વ. વિજયભાઈ કંદાસ્વામી દરબાર (ઉ.વ. ૨૫)ઈ-૧૧/એચ, સેકટર-૧૪, ગાંધીનગર.
- સ્વ. મંગળાગૌરી મધુસુદન ત્રિવેદી(ઉ.વ. ૮૭)પ્લોટ નં. ૬૪૨/૧, સેકટર-૩૦, ગાંધીનગર.
- સ્વ. અંદુબા રજૂજી ચાવડા (ઉ.વ. ૭૦)મુ.પો. ગલથરા, તા. માણસા, જિ. ગાંધીનગર.